પત્રિકા ૧૫૧

# ચિરાગે હિદાયત

૨૩/૦૩/૧૮
૪ રજબ

## આ અઠવાડિયાની મુનાસેબત

૭ રજબ – વિલાદતે હઝરત અબ્બાસ(સ.અ.)
૧૦ રજબ – વિલાદતે ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)

## હઝરત અબ્બાસ(અ.સ.)

ઉમ્મુલ બનીનના પહેલા ચાંદની વિલાદત સાત રજબ અથવા ચાર શાબાન હિ.સ.૨૬માં મદીના એ મુનવ્વરામાં થઈ. હઝરત અબ્બાસ(અ.સ.)ની વિલાદતે ઈમામ અલી(અ.સ.)ના ઘરને એક નવી રોશની અતા કરી અને મૌલા અલી(અ.સ.)નું દિલ ઉમ્મીદોથી ભરાઇ ગયું કેમકે આપ(અ.સ.) જોઇ રહ્યા હતા કે કરબલામાં જે બનાવ બનશે તેમાં મારો ફરઝંદ ઈમામ હુસૈન(અ.સ.)નો અલમ સંભાળીને પોતાની જાનને નિછાવર કરશે અને ઈમામ અલી(અ.સ.)ના લખ્તે જીગર (હઝરત અબ્બાસઅ.સ.) જનાબે ફાતેમા(સ.અ.)ના નૂરે નઝર (ઈમામ હુસૈનઅ.સ.)ને કામ આવશે.

મૌલા અલી(અ.સ.) હઝરત અબ્બાસ(અ.સ.)ના જુલાને હાથમાં લેતા, તેમના નાના હાથના આસ્તીનને ઉપર કરીને અને તેમના હાથનો બોસો લઈને ગિર્યા કરતા. એક દિવસ ઉમ્મુલ બનીન(સ.અ.)એ જ્યારે આ મંઝર જોયું તો ગિર્યા કરવાનું કારણ પુછયું. તો આપ(અ.સ.)એ ફરમાવ્યું ''એક દિવસ આ હાથ હુસૈન(અ.સ.)ની નુસરતના કારણે જુદા કરી દેવામાં આવશે. તે દિવસને યાદ કરીને હું ગિર્યા કરૂં છું.''

હઝરત અબ્બાસ(અ.સ.)એ ઈમામ અલી(અ.સ.)ના ઘરમાં પોતાની વફાદાર અને બાઈમાન વાલેદાના છાંયા હેઠળ તેમજ ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.)ની સાથે તરબીયત હાંસિલ કરી. ઈતરતે રસૂલ(સ.અ.વ.) અને તે પાકીઝા ઘરાનાથી ઈન્સાનીયત, સદાકત અને અખ્લાકના અઝીમ દર્સ હાંસિલ કર્યા. તેમાં શક નથી કે આ જવાનની ફિકરી અને રૂહી શખ્સીય્યતને બનાવવામાં હઝરત ઈમામ અલી(અ.સ.)ની ખાસ તરબીયતે એક રોશન કિરદાર અદા કર્યો. હઝરત અબ્બાસ(અ.સ.)ની આલા બસીરત (ઉચ્ચ વિચાર) આ જ અલવી તરબીયતને કારણે છે.

લોકો ફક્ત આપ(અ.સ.)ની બહાદુરીનો જ ઝિક્ર કરે છે. પરંતુ તેમના ઈલ્મી કમાલ અને ઈરફાન, અખ્લાક અને સબ્રો ઈસારનો ઝિક્ર નથી કરતા. હઝરત અબ્બાસ(અ.સ.)ને 'બાબુલ હવાએઝ' એટલા માટે કહેવામાં આવે છે કે જયારે તેઓ ફુરાતના દરીયા પાસે પહોંચી ગયા ત્યારે હાથોમાં પાણી લીધું અને પાછુ દરીયામાં એટલા માટે નાખી દીધું કે

તે ઝમાનાના ઈમામ(અ.સ.) અને બચ્ચાઓ પ્યાસા છે આપ(અ.સ.) કેવી રીતે પાણી પીવે?! આ કોઈ મામુલી વાત નથી કે ત્રણ દિવસના પ્યાસાએ હાથમાં પાણી લઈને દરીયામાં નાખી દીધું. આ કુરબાનીના થકી આપને બાબુલ હવાએઝ કહેવામાં આવે છે.

* *ઈલ્મે માઅસૂમના મઝહર હઝરત અબ્બાસ (અ.સ.):*

હઝરત અબ્બાસ(અ.સ.)એ જે આગોશમાં આંખ ખોલી, જે ગોદીમાં પરવાન થયા તે એક તરફ હઝરત અલી(અ.સ.) જેવા બાપ તો બીજી તરફ ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.) જેવા ભાઈ હતા અને ત્રીજી તરફ આલિમે ગૈરે મોઅલ્લેમા જનાબે ઝયનબ(સ.અ.) જેવા બહેન હતા. તેની સાથે સાથે ઉમ્મુલ બનીન(સ.અ.) જેવી માં કે જેનું આલિમ હોવું અને શાએર હોવું કિતાબમાં સાબિત છે. પરંતુ આ કહેવામાં આવે તો ખોટું નથી કે હઝરતે અબ્બાસ(અ.સ.) પોતે આલિમે રબ્બાની અને ઈલ્મે લદુન્નીના માલિક હતા. જયાં હઝરત અલી(અ.સ.) જેવા ફાયદા પહોંચાડવાવાળા અને ઈલ્મ લુટાવવાવાળા બાપ મોજૂદ હોય અને હઝરત અબ્બાસ(અ.સ.) જેવી સાહેબે માઅરેફત અને તમામ સીફતોવાળી ઝાત ઈલ્મ લઈ રહી હોય તો એ વાત દલીલ છે કે હઝરત અબ્બાસ(અ.સ.) દુનિયામાં માઅસૂમની પછી ઈમાન અને યકીનમાં સૌથી ઉચ્ચ મરતબા ઉપર છે.

- હઝરત અબ્બાસ(અ.સ.)ના બારામાં રિવાયતમાં નકલ થયું છે જેનાથી આપના ઈલ્મે વહેબીની ગવાહી મળે છે. રિવાયતમાં છે કે ''**ઈન્નલ અબ્બાસ ઈબ્ને અલી ઝુક્કલ ઈલ્મ ઝુક્ક**'' એટલેકે ''**જનાબે અબ્બાસ(અ.સ.)ને એવી રીતે ઈલ્મ શીખવાડવામાં આવ્યું કે જેવી રીતે પક્ષીઓ પોતાના બચ્ચાંને દાણા આપે છે.**'' *(અસરારૂશ શહાદા, પે.૩૨૪)*

આ મિસાલ આ વાત તરફ ઈશારો છે કે પક્ષીઓ પોતાનાં બચ્ચાંઓને તે ખવડાવે છે જે લઈને આવે છે જનાબે અબ્બાસ(અ.સ.)ને અમીરૂલ મોઅમેનીન(અ.સ.) અને ઈમામ હસન(અ.સ.) અને ઈમામ હુસૈન(અ.સ.)એ તે ઈલ્મ શીખવાડયું જે અલ્લાહ તઆલા તરફથી લઈને આવ્યા હતા.

- સાહેબે તન્ઝુલ મસાએબ લખે છે કે ''ઈન્નલ અબ્બાસ અખઝ ઈલ્મન જમ્મન ફી અવાએલે ઉમ્રેહી અન અબીહે વ ઉમ્મેહી વ ઈખ્વાતેહી'' એટલે કે ''હઝરત અબ્બાસ(અ.સ.)એ બચપણમાં પોતાના વાલીદ, વાલેદા તેમજ ભાઈઓ અને બહેનોથી અતિશય ઈલ્મ હાંસિલ કરી લીધું હતું.'' હઝરત અબ્બાસ(અ.સ.) ન ફકત ફોકહાએ આલે મોહમ્મદ અને ઓલમાએ એહલેબૈત(અ.મુ.સ.)માં ઉચ્ચ મરતબો રાખતાં હતા બલ્કે તે ઈલ્મે લદુન્નીના માલિક પણ હતા.

# હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)

આપણા નવમાં ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)ની વિલાદતથી ઈમામ અલીરઝા(અ.સ.)ના ઘરમાં ખૂબજ ખુશીઓ મેહકવા લાગી કારણ કે નવમાં ઈમામની વિલાદત પેહલા આપને કોઇ ઔલાદ ન હતી. આપ(અ.સ.)ની માતા જનાબે અમ્મારે યાસીરના ખાનદાનથી હતા.

* એક વખત અબુકયામા જે ફિરકએ વાકેફિયા (એ ફિરકો જે સાતમાં ઈમામઅ.સ. પછી કોઇને ઈમામ માનતા ન હતા)ની સૌથી આગળ પડતી વ્યક્તિ હતી તેણે એક દિવસ ઈમામ રઝા(અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરી કે ''મને બતાવો કે આપના પછી દીનના મસઅલા કોનાથી પૂછવા?'' તેમણે ઈમામ મોહમ્મદ તકી(અ.સ.) કે જેઓ નાના હતા, તેમની તરફ ઈશારો કરીને ફરમાવ્યું ''મારા પછી આ ઈમામ છે.'' તેણે કહ્યું ''હજુ તો સાહેબઝાદાની ઉમ્ર ત્રણ વર્ષની જ છે તેઓ ઈમામ કેવી રીતે બની શકે? શું આટલી નાની વય ઈમામત માટે યોગ્ય છે?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''તમને મારા ફરઝંદની ઉમ્ર પર વાંધો છે. પરંતુ હઝરત ઈસા(અ.સ.)ના સંબંધમાં કાંઇ પણ કહેતા નથી કે તેમને માતાના પેટથી જન્મ થતાં જ ખુદાએ પોતાના નબી બનાવી દીધા હતા અને કિતાબ પણ આપી હતી, જેથી કુરઆનમાં હઝરત ઈસા(અ.સ.) વિશે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે કે 'ઈન્ની અતાનીયલ કિતાબ વ જઅલની નબીયા' એટલેકે 'હું અલ્લાહનો બંદો છું તેણે મને કિતાબ આપી છે અને નબી બનાવ્યો છે.' જયારે જન્મ સમયે ઈસા(અ.સ.)ને આવી ફઝીલત પ્રાપ્ત થઇ હતી તો ત્રણ વર્ષ પછી ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)ની ઈમામત વિશે કેમ નવાઇ પામો છો?''

હઝરત ઈમામ મોહમ્મદ તકી(અ.સ.) ખૂબજ નાની વયમાં યતીમ થયા અને ઉમ્રમાં બધા ઈમામોથી નાની વયમાં એટલે કે આપ પચ્ચીસ વર્ષની ઉમ્રમાં શહાદત પામ્યા. ઈમામ(અ.સ.)ની વય કયારેય પણ ઈમામત માટે રૂકાવટ નથી બનતી. પરંતુ તેમનો સંબંધ તો રૂહાની શક્તિ સાથે હોય છે. ઈમામ મોહમ્મદ તકી(અ.સ.) નાની વયમાં પણ પોતાના ઝમાનાના અરબના મોટા મોટા આલિમો સાથે મુનાઝેરો કરતા અને દરેક વખતે આપની જીત થઇ હતી.

* અલી બિન અસ્બાતનું બયાન છે કે એક 'વાકેફી'એ ઈમામ જાફરે સાદીક(અ.સ.)ના ફરઝંદ અલી બિન જાફરને પૂછયું કે ''તમારા ભાઇ (ઈમામ મૂસાએ કાઝીમઅ.સ.)નું શું થયું?'' અલી બિન જાફરે કહ્યુ ''એમની શહાદત થઇ ગઇ.'' વાકેફીએ કહ્યું ''તમે કઇ રીતે કહી શકો કે તેમની શહાદત થઇ છે?'' અલી બિન જાફરે જવાબ આપ્યો ''તેમની મિલકત તેમના વારસદારમાં વહેંચાઇ ગઇ છે, તેમની બીવીઓએ નિકાહ કરી લીધા અને તેમના જાનશીનોએ સિલસિલએ હિદાયત સંભાળી લીધું છે.''

વાકેફીએ કહ્યું ''જનાબે મૂસાએ કાઝીમ(અ.સ.)ના જાનશીન કોણ હતા?'' અલી બિન જાફરે કહ્યું ''તેમના ફરઝંદ અલી તેમના જાનશીન હતા.'' વાકેફીએ ફરી પૂછ્યું ''પછી જનાબે અલીરઝા(અ.સ.)નું શું થયું?'' અલી બિન જાફરે કહ્યું ''તેમની પણ શહાદત થઈ ગઈ.'' વાકેફીએ કહ્યું ''તમારી પાસે તેમની મૌતનું શું સબુત છે?'' અલી બિન જાફરે કહ્યું ''તેમની મિલકત તેમના વારીસોમાં વહેંચી દેવામાં આવી, તેમની ઔરતોએ નિકાહ કરી લીધા અને તેમના જાનશીને મસનદે હિદાયત સંભાળી લીધી છે.''

વાકેફીએ કહ્યું ''તેમના જાનશીન કોણ છે?'' અલી બિન જાફરે કહ્યું ''તેમના જાનશીન તેમના ફરઝંદ અબુ જાફર છે.'' વાકેફીએ કહ્યું ''તમે આટલા બુઝુર્ગ છો અને ઈમામ જાફરે સાદીક(અ.સ.)ના ફરઝંદ છો તો પણ તમે એક નાના યુવાનની ઈમામતમાં એતેકાદ રાખો છો.'' અલી બિન જાફરે કહ્યું ''મને તો તમે શૈતાન દેખાઈ રહયા છો.'' અને પછી તેઓએ પોતાની દાઢી પકડીને પોતાના હાથોને આસમાન તરફ બલંદ કરીને કહ્યું ''આ તો ખુદાનો પોતાનો ઈન્તેખાબ છે કે તે ઈમામતના ઓહદા માટે ચાહે તેને ચૂંટી કાઢે પછી તે એક નાનો યુવાન કેમ ન હોય.'' *(બેહારૂલ અન્વાર, ભાગ-૪૭, હદીસ-૪૨૩)*

* અબુ અબ્દીલ્લાહે હસન બિન મુસા બિન જાફરનું બયાન છે કે હું ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)ની ખિદમતમાં બેઠો હતો (મદીનામાં) અને એક આરાબી આવ્યો તેણે ઈમામ(અ.સ.) તરફ ઈશારો કરીને પૂછ્યું ''આ કોણ છે?'' મેં જવાબ આપ્યો કે ''આ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના વસી છે.''

તેણે કહ્યું ''હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને તો દુનિયાથી રૂખ્સત થયાને ૨૦૦ વર્ષથી વધારે થઈ ગયા અને આ યુવાન તેમનો વસી કેવી રીતે?'' મેં કહ્યું ''વાત એમ છે કે આ યુવાન ઈમામ અલી ઈબ્ને મુસા(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ મુસા ઈબ્ને જાફર(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ જાફર ઈબ્ને મોહમ્મદ(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ મોહમ્મદ ઈબ્ને અલી(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ અલી ઈબ્ને હુસૈન(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ હુસૈન(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ હસન(અ.સ.)ના વસી છે અને તેઓ ઈમામ અલી(અ.સ.)ના વસી છે અને અમીરૂલ મોઅમેનીન હઝરત ઈમામ અલી(અ.સ.) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના વસી છે.'' (સલવાતુલ્લાહે અલયહીમ અજમઈન)

આવો! બંને બુઝુર્ગ હસ્તીના વાસ્તાથી અલ્લાહતઆલાની બારગાહમાં દુઆ કરીએ કે પરવરદિગાર આપણને એહલેબૈતે અત્હાર(અ.મુ.સ.)ના બતાવેલા રસ્તા ઉપર ચાલવાની તૌફીક ઈનાયત ફરમાવે.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com